T

દ્રષ્ટિહીન,અસ્થિ વિષયક,મંદબુધ્ધિવાળી,માનસિક
માંદગી તથા બહેરી મુંગી વ્યક્તિઓને ગુજરાત
રાજય માર્ગ વાહનવ્યવહાર નિગમની બસોમાં
પ્રવાસ ભાડામાં રાહત આપવાની યોજનામાં
સુધારો કરવા બાબત

ગુજરાત સરકાર
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક:અપગ--૧૦૨૦૦૩--૧૬૬--છ૧
સચિવાલય,ગાંધીનગર.
તા--૨૫--૫--૨૦૦૫

**વંચાણે લીધા:**

(૧) સમાજ કલ્યાણ વિભાગનો ઠરાવ ક્રમાંક:અપગ--૧૦૯૬--૨૭૯--છ તા--૧--૭--૯૮

(૨) નિયામકશ્રી સમાજ સુરક્ષા ખાતાનો પત્ર ક્રમાંક:અપગ/એસટી ભાડા રાહત/૨૦૦૪--૦૫/૩૫૭ તા--૧૬--૧૦--૦૪

**ઠરાવ:**

રાજયના દ્રષ્ટિહીન,અસ્થિવિષયક,મંદબુધ્ધિવાળી તથા બહેરી મુંગી વ્યક્તિઓ અભ્યાસ,સારવાર તથા અન્ય પ્રસંગે રાજયમાં સરળતાથી હરી ફરી શકે તે માટેગુજરાત રાજય માર્ગ વાહન વ્યવહાર નિગમની બસોમાં વિના મુલ્યે મુસાફરી કરવાની સુવિધા આમુખમાં (૧) આગળ વંચાણે લીધેલ ઠરાવથી અમલમાં મુકેલ છે.આ યોજના પાછળ લાભાર્થીઓનો થયેલ ઉત્તરોત્તર વધારો તેમ જ એસટી નિગમ ધ્વારા બસ ભાડામાં કરેલ વખતો વખતના ભાડા વધારાના પરીણામે યોજના પાછળનું ખર્ચ મોટા પાયે વધી જતા આ યોજના પાછળના ખર્ચમાં નિયંત્રણ લાવવું આવશ્યક બનતા સચિવશ્રી સામાજીક ન્યાય અને અધિકારીતા તથા યોજના સાથે સંબંધિત કચેરીઓના અધિકારીઓની તા--૧૯--૦૭--૦૪ના રોજ બેઠક કરી વિચારણા કરેલ,ત્યારબાદ આ બાબતે નિયામકશ્રી ધ્વારા આમુખમાં (૨) આગળ વંચાણે લીધેલ પત્રથી કરેલ દરખાસ્તની ઉચ્ચ કક્ષાએ વિચારણા કર્યા બાદ હાલની યોજનામાં નીચે પ્રમાણેનો સુધારો કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

(૧) કેન્દ્ર સરકાર/રાજય સરકાર/કેન્દ્ર અને રાજયના બોર્ડ નિગમ/સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ/રાજયની ગ્રાન્ટ ઈન એઈડ સંસ્થાઓના કર્મચારીઓને આ લાભ મળવાપાત્ર રહેશે નહી.

147

(૨) આ યોજનાનો લાભ રૂા.૫૫૦૦૦/--સુધીની વાર્ષિક આવક ધરાવતા વિકલાંગ વ્યક્તિઓને જ મળવાપાત્ર થશે અને આ માટે મામલતદારશ્રી/ તાલુકા વિકાસ અધિકારીશ્રી એ આપેલ આવકનું પ્રમાણપત્ર માન્ય રાખવાનું રહેશે.

(૩) એસટીના પ્રવાસ માટે વિકલાંગ વ્યક્તિઓને નવું ઓળખકાર્ડ આપવાનું રહેશે જેમાં અરજદારનું નામ,સરનામું,જન્મ તારીખ,અભ્યાસ,લોહીનું ગ્રુપ અને ઓળખનું ચિહ્ન દર્શાવવાનું રહેશે.

(૪)ઓળખકાર્ડમાં અરજદારનો અપંગતાનો પ્રકાર ( દ્રષ્ટિહીન/અસ્થિ વિષયક/મંદબુધ્ધિ/બહેરા મુંગા/માનસિક માંદગી ) અને તેની ટકાવારી દર્શાવવાની રહેશે.

(૫) ઈસ્યુ કરેલ ઓળખકાર્ડની મુદત ૫ વર્ષની રહેશે.અરજદારનું અવસાન થાય તેવા સંજોગોમાં અરજદારના વાલીએ ઓળખકાર્ડ જમા કરાવવાનું રહેશે.

(૬) અરજદારે તેનો આખો ફોટો પોસ્ટકાર્ડ સાઈઝમાં જીલ્લાની કચેરીએ રજુ કરવાનો રહેશે.

(૭) વિકલાંગનો ફોટો ઓળખકાર્ડમાં એમ્બોસ કરીને રાખવાનો રહેશે.

(૮) મેડીકલ સર્ટીફીકેટની ચકાસણી કર્યા બાદ ઓળખકાર્ડ પર જીલ્લા સમાજ સુરક્ષા અધિકારીએ સહી કરવાની રહેશે

ઉપર મુજબનો ફેરફાર થતાં લાભાર્થીઓની સંખ્યા બાબતે આમુખમાં(૧) આગળ વંચાણે લીધેલ ઠરાવના પેરા--૬માં(૧) આગળ દર્શાવેલ લાભાર્થીઓની સંખ્યામાં ફેરફાર કરીને સને ૨૦૦૫--૦૬ ની સંખ્યા નવેસરથી ગણવાની રહેશે.સમાજ સુરક્ષા ધ્વારા જેટલી સંખ્યામાં કાર્ડ ઈસ્યુ કરવામાં આવે તેટલી સંખ્યા ઉપર ભાડું એસટી નિગમને ચુકવવાનુ રહેશે.

ઉપર મુજબની જોગવાઈઓ સિવાય તા--૧--૭--૯૮ના ઠરાવની યોજનાની અન્ય જોગવાઈઓ તથા શરતો યથાવત રહેશે.

આ યોજનાનો અમલ નવા કાર્ડ તૈયાર થયેથી કરવાનો રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકવાળી ફાઈલ ઉપર નાણા વિભાગની તા--૨૫--૦૧--૦૫ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

**નંદકિશોર પટેલ**
ઉપ સચિવ
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન.રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી(સામાજીક ન્યાય અને અધિકારીતા)ના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
- સર્વે મંત્રીશ્રીઓ,રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર.
- ઉપાધ્યક્ષશ્રી અને મેનેજીંગ ડીરેકટર,ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર નિગમ,અમદાવાદ
- મુખ્ય વહીવટી અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ,અમદાવાદ.
- નિયામકશ્રી,સમાજ સુરક્ષા ખાતુ,ડો જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સચિવાલયના સર્વે વિભાગો.
- એકાઉન્ટન્ટ જનરલ,ગુજરાત, રાજકોટ/અમદાવાદ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી,અમદાવાદ,ગાંધીનગર.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી,અમદાવાદ,ગાંધીનગર.
- સર્વે જીલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ( નિયામકશ્રી,સમાજ સુરક્ષા મારફતે)
- માહિતી નિયામકશ્રી,જુના સચિવાલય,ગાંધીનગર.
(આ યોજનાની બહોળી પ્રસિધ્ધિ માટે જરૂરી પ્રેસનોટ આપવાની વિનંતી સાથે)
- વિભાગની સર્વે શાખાઓ.
- પસંદગી ફાઈલ/છ૧ શાખા.
- નાયબ સેકશન અધિકારી,પસંદગી ફાઈલ.